# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૩/૦૪/૨૦૨૬ થી તા.૧૯/૦૪/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ.લ.ઇ.)** ચાલુ વીક તમારા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઇ શકે છે. નવા રોકાણથી લાભ થાય. આગળ કરેલા રોકાણનું વળતર મળે. વિદ્યાર્થીઓને સફળતા માટે બીજી તક મળી શકે છે. વડીલો, મિત્રોનું માર્ગદર્શન ઉપયોગી રહેશે. સ્વાર્થી મિત્રો વગેરેથી સાવધાન. પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું ભારે પડશે. કોઇ કાવતરાના ભોગ બની શકો છો. નોકરી-ધંધામાં અનુકૂળતા રહેશે. રંગીન અને રસિક મુલાકાત થાય. આર્થિક લાભ થાય.



**વૃષભ (બ.વ.ઉ.)** કામકાજની જગ્યાએ વિવાદ ટાળવો અને કોઇના ઝઘડામાં પડવું નહીં. નવી તકો મળવાથી નોકરીમાં પ્રભાવ વધે. ધંધામાં નવા સોદા પાર પડે. મિલકત બાબતે વડીલોનો સાથ મળે. સરકારી નોકરિયાતે સાવધાન રહેવું. વિદ્યાર્થીઓને મદદ મળે પણ અશાંતિ સતાવે. પ્રેમમાં ગેરસમજ થાય. ઇર્ષાળુ મિત્રોથી નુકસાન થઇ શકે છે. કોઈના જામીન થવું નહીં. વિદેશનાં કામમાં ગતિ આવશે. પડવા-વાગવાથી સાવધાન. ખર્ચા વધશે.



**મિથુન (ક.છ.ઘ.)** ચાલુ વીકમાં તમારી પ્રતિભાનો અનુભવ થાય. પોતાના નવા અને રચનાત્મક વિચારો અને કામની કદર થાય. નોકરી-ધંધામાં ઉચ્ચ કક્ષાનાં લોકોની મદદ મળે. કાયદા બાબતે પ્રગતિ થાય. નવી જવાબદારી આવે. નવા ફેરફાર થાય. ઘરમાં અશાંતિ વધે.આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. કામકાજ વધારવાની અચાનક તક મળે. સંતાનો અને જીવનસાથીના પ્રશ્નો પરેશાન કરે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.




**કર્ક (ડ.હ.)** સપ્તાહ સરકારી કામમાં સાવધાની સૂચવે છે. લેવડદેવડ બાબતે બેદરકારી ભારે પડે. ઉઘરાણી આવી શકે છે. તમારી બુદ્ધિશક્તિ અને વહીવટી કુશળતાથી અટકેલાં કામ પાર પડે. સરકારી યોજનાનો લાભ મળે. આગ-પાણી અકસ્માતથી સાવધાન રહેવું. ધાર્મિક યાત્રા થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. કાયદા કાનૂન બાબતે મદદ મળે. વિદેશનાં કામમાં ગતિ આવે. સ્ત્રી વર્ગનો સાથ મળે. પણ જાહેરજીવનમાં સ્ત્રીવર્ગથી સાવધાન રહેવું.



**સિંહ (મ.ટ.)** ચાલુ વીકમાં મહત્ત્વની મિટીંગ હકારાત્મક રહે. ભાગીદારીમાં નવા નિર્ણય લેવાય. કુટુંબની સમસ્યાનું સમાધાન થાય. ઘરમાં વિવાદથી બચવું.ઉંમરલાયકના વિવાહમાં વિઘ્નો આવી શકે તેમ છે. કોર્ટ-કચેરી, સરકારી કામ, કાયદા કાનૂન અને લેવડદેવડ બાબતે ખાસ સાવધાની રાખવી. આગ, પાણી, અકસ્માત, વિશ્વાસઘાત વગેરેથી સાવધાન રહેવું. અચાનક શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસ થાય.



**કન્યા (પ.ઠ.ણ.)** ચાલુ વીકમાં પોતાના કામમાં ખાસ સાવધાની રાખવી. અચાનક નવી જવાબદારી મળી શકે છે. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે.આત્મવિશ્વાસથી હરીફોનો સામનો કરવાથી જીત થાય. સરકારી કામમાં ગફલત ભારે પડે. નોકર-ચાકરથી સાવધાન, સમાજમાં વિવાદ ટાળવો. ઘરમાં અવરજવર વધશે. ઉંમરલાયકના વિવાહ થાય. નવી ભાગીદારી થાય. રોજના કામમાં મદદ મળે.ઉઘરાણી આવવાથી રાહત થાય. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું.



**તુલા (ર.ત.)** ચાલુ વીકમાં નવા રોકાણથી લાભ થાય. સંતાન-જીવનસાથીના કામ અને પ્રશ્નો સતાવે. પ્રેમમાં ગેરસમજ થાય. ઇર્ષાળુ મિત્રોથી નુકસાન થાય. વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે. નોકરીમાં નવી તક ઊભી થાય. નોકર-ચાકર અને હરીફોથી નુકસાન થઇ શકે છે.આંખની કાળજી રાખવી. સરકારી કામમાં વિઘ્નો આવે. ઘર પરિવારમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. રોજની આવક વધે.



**વૃશ્ચિક (ન.ય.)** સપ્તાહ સતત વ્યસ્તતામાં પસાર થાય. સમાજ પરિવારના સમારોહની જવાબદારી નિભાવવી પડે. નવા ફેરફારનો લાભ મળે. નોકરી-ધંધાર્થે પ્રવાસ અનુકૂળ રહે. જમીન મકાનનાં કામ થાય. વડીલોના આરોગ્યની ચિંતા અને ખર્ચા વધશે. વિદ્યાર્થીઓને તક મળે. સંતાનોના કેરિયરમાં પ્રગતિ થાય. પ્રેમવિવાહમાં વિઘ્નો આવે. સરકારી નોકરીની તક મળી શકે છે. નવાં રોકાણ થાય.



**ધન (ભ.ધ.ફ.ઢ.)** ચાલુ વીકમાં યાદગાર મુલાકાત થાય મહત્વના કામ પાર પડે. ઊચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. આર્થિક બાબતે પ્રગતિ થાય. ઘર-પરિવારની સમસ્યા સતાવે. મકાન-મિલકત બાબતે વિઘ્નો આવે. બહારનાં કામોનો બોજ અને સંતાનોના પ્રશ્નો સતાવે. પ્રેમમાં સાથ મળે. રોમેન્ટીક મુલાકાત થાય નવા સામાજીક સંબંધો મજબુત બને. કોઈ ઈનામ મળી શકે છે. નવાં રોકાણ થાય.



**મકર (ખ. જ.)** ચાલુ વીકમાં ઘર-મકાન વારસા જેવા પ્રશ્નો સતાવે. પરિવારમાં અશાંતિ વધે. રોજના કામનો બોજ રહે. સંતાનોનાં પરિવારમાં અશાંતિ વધે. રોજના કામનો બોજ રહે. સંતાનોનાં કામમાં મદદ મળે. ઉધાર-લેવા-દેવાનું ટાળવું. પારિવારિક ધંધામાં આવક વધે. માર્કેટીંગ, દલાલી, ટ્યુશન, ટેકનોલોજીને લગતાં કામમાં પ્રગતિ થાય. પ્રવાસમાં સાવધાની રાખવી. અડોશ-પડોશ સાથે તાલમેળ રાખવો. બહારનાં કામનો બોજ વધશે.



**કુંભ (ગ.સ.શ.ષ.)** સપ્તાહ નવા ફેરફાર, નવા અવસર અને કાર્યક્ષેત્ર સહકારનું સૂચન કરે છે. આરોગ્ય સુધરે. વાહન ધીમે હાંકવું. દાંપત્યજીવનમાં અશાંતિ વધે.સમાજ અને જાહેરજીવનમાં પરેશાની વધશે. નોકરીમાં નવી જવાબદારી વધે. રોજના કામમાં મદદ મળે. ખાણી-પીણી માર્કેટીંગના કામમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે. મિત્રો સાથે સામાજિક કામ થાય.આવક વધે. ટેકનોલોજી, ટ્યુશન, પ્રવાસના કામમાં પ્રગતિ થાય.



**મીન (દ.ચ.ઝ.થ.)** સપ્તાહ નવા ફેરફારથી શરૂ થાય. આરોગ્યના ખર્ચા વધશે. વિદેશનાં કામ થાય. ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાથી શાંતિ મળે. પોલીસ લફરાંથી બચવું. વડીલોનું માર્ગદર્શન લેતાં રહેવું. નોકરી ધંધાર્થે પ્રવાસ સફળ રહે. રંગીન મુલાકાત થાય. પ્રેમમાં સાથ મળે. ઉઘરાણી આવે. મોજ-શોખના ધંધામાં આવક વધે. માર્કેટીંગ, દલાલી, શિક્ષણને લગતાં કામ પાર પડે. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. ખર્ચા વધશે.

# મમતા બેનરજીની કુંડળી



રાજકારણમાં સફળતા માટે જમીની સમસ્યા અને હકીકતની સમજ, જનતા સાથે સીધું જોડાણ અને સતત સંઘર્ષ અને પરિશ્રમની સાથે નિઃસ્વાર્થ સેવાભાવ, દૂરદર્શી વિચારદૃષ્ટિ અને વિશ્વાસપાત્ર સાથી કે સહકાર્યકર્તા હોવા ખૂબ જરૂરી છે અને જ્યોતિષની દૃષ્ટિએ કુંડલીમાં સૂર્ય, શનિ, રાહુ, મંગળ અને ગુરુની શુભ સ્થિતિ અને દસમા ભાવ અને જ્યોતિષશાસ્ત્રમાં ખૂબ જ શુભ માનવામાં આવતા પંચમહાપુરુષયોગ માનો કોઇ એક યોગ ઓછામાં ઓછો હોવો જરૂરી છે. આ યોગ જાતકને ઇમાનદાર અને વિશ્વસનીયતા આપે છે.

મમતા બેનરજીની કુંડલીમાં શનિ શશયોગ, ગુરુ હંસયોગ અને ચંદ્ર પણ શુભ રાજયોગ કરે છે. ઉપરાંત સૂર્ય અને બુધ વિપરીત રાજયોગ કરે છે. રાહુ-કેતુ પણ નીચભંગ રાજયોગ કરે છે તેમજ મંગળ લડાયક અને થાકયા વગર ઇમાનદારી અને સત્યને કડવું સત્ય સાથે લડાયક મિજાજ આપે છે.

**જો પ્રાપ્ત કુંડલી સાચી હોય તો મમતા બેનરજીને ચોથી વાર મુખ્ય પ્રધાન બનતાં કોઈ રોકી શકે નહી. જ્યોતિષની દૃષ્ટિએ છઠ્ઠે ગુરુવાળા જાતકના કોઇ શત્રુ હોય નહીં અને હોય તો તેમનો પરાજય થાય છે**

રાજનીતિની ધરા સમાન દસમા ભાવમાં ઉચ્ચનો શનિ જે લગ્નેશ પણ છે જે ચોથા, જે જનતાનું છે તેને જોતો હોવાથી શનિ જનતા સાથે ખૂબ જ સાદગીથી જોડી રાખે છે. શનિના શુભ ફળ માટે સાદગી, ન્યાયપૂર્ણ વ્યવહાર અને સામાન્ય જનતાની સેવા અને સામાન્ય જનતાનો અવાજ બનનારને જ સફળતા આપે છે. માટે જ 2008થી 2027 સુધીની શનિની મહા દશામાં પ. બંગાળમાં સામ્યવાદીઓના સામ્રાજ્યને નષ્ટ કરીને 2011-16-21થી બંગાળમાં અનેક સંઘર્ષ અને ભયંકર વિટંબણા અને નકારાત્મક રાજકારણની સામે ટકી રહ્યાં છે. શનિ તેમનો અતિ શુભ રાજયોગ કરે છે જે શશનામથી ઓળખાય છે. માટે જ ભયાનક અરાજકતામાં પણ ટકી શકાય છે અને હાલ શનિની મહાદશામાં હસનામનો શુભ રાજયોગ કરતા ઉચ્ચના સાતમુંજે જાહેર જીવન અને જનતાનું સ્થાન છે ત્યાં રહેલ ગુરુની અંતરદશા ચાલે છે જે ઓગસ્ટ 2027 સુધીની છે. માટે કુંડલીની દૃષ્ટિએ તો મમતા અજય છે તે પણ નૈતિક રીતે જીતવાની ક્ષમતા ધરાવે છે.

કોઇ પણ જાતનો ઉત્તમ અને સરળ લાભ મેળવવા માટે અથવા સફળતા માટે કુંડલીમાં અગિયારમો ભાવ ઘણું જ મહત્ત્વ ધરાવે છે. મમતા બેનરજીની કુંડલીમાં યોગ કરતા જે મકર લગ્નમાં શનિ પછી સૌથી શુભ ફળ આપનાર બને છે જેની પ્રતિ અંતરદશા તા.19-04-2026 થી તા. 20-09-2026 સુધીની ચાલુ થાય છે. પં.બંગાળમાં આ જ સમય દરમિયાન તા. 23-04-2026 અને તા.29-04-2026 દરમિયાન બે તબક્કામાં ચૂંટણી થવાની છે. જે જીત પણ મમતા બેનરજીને ચોથી વાર મુખ્ય પ્રધાન બનતાં કોઇ રોકી શકે એવું લાગતું નથી. જો તેમની પ્રાપ્ત કુંડલી સાચી હોય તો તો ગ્રહ નક્ષત્રની ચાલ અને તેમના જન્મના ગ્રહો તેમને આશીર્વાદ આપે છે. દુનિયા કે અન્ય કોઇ ઇચ્છે કે ન ઇચ્છે પણ ગ્રહોની ઇચ્છા પ્રમાણે જ જગતનું સંચાલન થતું હોય છે. માટે વિરોધ પક્ષ વગેરેની ઇચ્છા કામ આવે નહીં. ગ્રહોની ચાલ સામે! કારણ કે તા.19-04-2026 થી તા. 14-05-2026 દરમિયાન શનિ-ગુરુ-શુક્રમાં શુક્રની સૂક્ષ્મ દશા ચાલે છે. શુક્ર લાભ સ્થાનમાં સાતમાના માલિક ચંદ્ર કે જે ઉચ્ચનો શુભ છે તેની સાથે પ્રતિયુતિમાં શુભ બને છે અને ચંદ્ર પર અગિયાર એટલે કે લાભસ્થાનના માલિક મંગળની દૃષ્ટિ છે જે પણ એક રાજયોગ કરે છે. આમ દશાનાથ શશયોગ, અંતરદશાનાથ હંસયોગ અને પ્રતિ અંતર દશાનાથ શુભરાજ યોગ તેમજ સૂક્ષ્મ અંદર દશાનાથ પણ રાજયોગ કરે છે.

જ્યોતિષશાસ્ત્રના નિયમો પ્રમાણે ગ્રહો કુંડલીમાં રહેલ સ્થિતિ પ્રમાણે તેમનું શુભ અને અશુભ ફળ તેમની દશા અંતરદશા વગેરેમાં આપે છે અને તેના પરિણામની ગતિ કે તીવ્રતા પર ગોચરના ગ્રહોનો પ્રભાવ વધુ રહે છે. ગોચર પ્રમાણે મમતા બેનરજીની કુંડલીમાં હાલ મે 2025 થી મિથુનમાં અતિચારી ગતિના ગુરુદેવનું ભ્રમણ તેમના છઠ્ઠા સ્થાનમાં રહેલ કેતુ પરથી અને બારમે વિપરીત રાજયોગ કરતાં સૂર્ય-બુધ અને રાહુની સામેથી થાય છે. જે શત્રુઓના પરાજયના યોગ કરે છે. તેમની ચલિત કુંડલીમાં જન્મના ગુરુ છઠ્ઠે આવે છે.

જ્યોતિષની દૃષ્ટિએ છઠ્ઠે ગુરુવાળા જાતકના કોઇ શત્રુ હોય નહીં અને હોય તો તેમનો પરાજય થાય છે. આપણે જોતાં આવ્યાં છીએ કે મમતા બેનરજી 1984થી સક્રિય રાજકારણમાં છે અને શરૂથી જ જીતતાં આવ્યાં છે અને 1998માં પોતાના બળબુતા પર TMC ની સ્થાપના કરીને અને માર્કસવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયાનો સફાયો કર્યો અને આજ સુધી અડીખમ રીતે બંગાળમાં રાજ કરે છે. તેનું કારણ તેમનો ચલિતનો છઠ્ઠે રહેલ ગુરુ છે જે તેમને અજય બનાવે છે અને સાદગી અને એક સાચા ભારતીય જેવું સાદા જીવનની રહેણીકરણીના કારણે શનિદેવના આશીર્વાદ મળે છે. **ન્યાયના દેવ શનિ જેની ફેવરમાં હોય તેનો કોઇ વાળ વાંકો કરી શકે નહીં.**

ગોચરમાં શનિ તેમના ત્રીજા ભાવમાંથી પસાર થઇ રહ્યા છે. તે પણ તેમને શુભ ફળ આપે છે. જન્મના મંગળ પરથી ગોચરનો રાહુ પસાર થાય છે. સામાન્ય રીતે મંગળ-રાહુનો યોગ જાતકને તામસી, લડાયક અને ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ ટકવાની અને જીતવાની શક્તિ આપતો હોય છે. હાલમાં આજની તારીખે શનિ-સૂર્ય-મંગળ અને નેપ્ચ્યુનનો યોગ મીનમાં ત્રીજા ભાવમાં થાય છે અને આવતી કાલથી બુધ પણ મીનમાં આવશે. તા. 14-04-2026 થી સૂર્ય પોતાની ઉચ્ચ રાશિમાં પ્રવેશ કરે છે. જે જન્મના શનિ સામેથી પસાર થશે. આ એક મહા પરિવર્તનનો યોગ કરે છે. મોટા ભાગે જન્મના શનિ-સૂર્યનો યોગ ગોચરમાં થાય તો અણધાર્યાં પરિણામો આપે છે. એક આ યોગ તેમના ફેવરમાં ઓછો છે. બાકી તો જીત છે જ.

# રાજ્યની 70 બેઠક પર ભાજપ બિનહરીફ

**ભાજપના** ઉમેદવાર સામે કોંગ્રેસ, આપ કે અપક્ષ ઉમેદવારે ફોર્મ જ ભર્યું નથી.

**દક્ષિણ** ગુજરાતમાં નવસારી જિલ્લા અને તાલુકા પંચાયતની કુલ 9 બેઠકો, વલસાડની 5 અને તાપીમાં 4 બેઠકો પર હરીફ પક્ષ જ નથી

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ પૂર્ણ થતા હવે રસાકસીભર્યો જંગ જામ્યો છે. રાજ્ય ચૂંટણી આયોગ (SEC) ના જણાવ્યા અનુસાર, કુલ 9,992 બેઠકો માટે 32,748 ફોર્મ ભરાયા છે. જોકે, ફોર્મની ચકાસણી બાદ આ આંકડામાં ફેરફાર થઈ શકે છે.ચૂંટણીના પ્રારંભિક ચિત્રમાં જ ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે. રાજ્યભરની વિવિધ સ્થાનિક સંસ્થાઓની અંદાજે 70 બેઠકો એવી છે જ્યાં ભાજપના ઉમેદવાર સામે કોંગ્રેસ, આપ કે અન્ય કોઈ અપક્ષ ઉમેદવારે ફોર્મ જ ભર્યું નથી. આ બેઠકો પર ભાજપની બિનહરીફ જીત નિશ્ચિત માનવામાં આવે છે, જેનું સત્તાવાર ચિત્ર 15 એપ્રિલે ફોર્મ ખેંચવાની સમય મર્યાદા બાદ સ્પષ્ટ થશે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના રણશિંગા ફૂંકાતાની સાથે જ ભારતીય જનતા પાર્ટીએ આક્રમક શરૂઆત કરી છે અને મતદાન થાય તે પહેલા જ રાજ્યભરમાં 47થી વધુ બેઠકો પર કેસરીયો લહેરાવી દીધો છે. ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે જ 25 બેઠકો બિનહરીફ થયા બાદ આ આંકડો 47 સુધી પહોંચ્યો છે, જે વિરોધ પક્ષો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી માટે ઉમેદવારોની અછત અને સંગઠનાત્મક નબળાઈના સંકેત આપે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં નવસારી જિલ્લા અને તાલુકા પંચાયતની કુલ 9 બેઠકો, વલસાડની 5 અને તાપીમાં 4 બેઠકો પર ભાજપના ઉમેદવારો સામે કોઈ હરીફ ન રહેતા પક્ષમાં ઉત્સાહનો માહોલ છે. મહેસાણામાં કડી નગરપાલિકાની 36માંથી 22 બેઠકો બિનહરીફ જીતીને ભાજપે સત્તા કબજે કરી લીધી છે, જ્યારે ખેડા જિલ્લામાં ઠાસરા અને મહેમદાવાદમાં કુલ 11 બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો છે. કચ્છના નખત્રાણાના વોર્ડ નં. 4 અને 5, પાટણના શંખેશ્વરની ટુવડ બેઠક તેમજ બનાસકાંઠાની કાંકરેજમાં પણ ભાજપે જીત નોંધાવી છે. નોંધનીય છે કે વ્યારા નગરપાલિકાના વોર્ડ નંબર 5માં તો આખી પેનલ જ બિનહરીફ જાહેર થઈ છે. વિપક્ષોમાં ઉમેદવારોનો દુકાળ અને આંતરિક ખેંચતાણ વચ્ચે ભાજપે નવસારીના બીગરી, દેવસર અને ઘેજ જેવી બેઠકો પર કબજો જમાવીને ચૂંટણી પહેલા જ રાજકિય પ્રતિસ્પર્ધી પર સરસાઈ મેળવી લીધી છે, જે રાજ્યના રાજકારણમાં ભાજપના વધતા વર્ચસ્વને સ્પષ્ટપણે દર્શાવે છે.રાજકીય વિશ્લેષકો મત મુજબ વિપક્ષમાં ઉમેદવારોની અછત અને આંતરિક મતભેદો ભાજપ માટે ફાયદાકારક સાબિત થઈ રહ્યા છે.

# ઉધના માલદા વચ્ચે સ્પેશિયલ એસી ટ્રેન દોડાવવામાં આવશે

**આગામી** દિવસોમાં ઉનાળુ વેકેશન હોવાના કારણે પશ્ચિમ રેલવે દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો

સુરતઃ ઉનાળાના વેકેશનમાં મુસાફરોની વધતી જતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ઉધના રેલવે સ્ટેશનથી માલદા ટાઉન વચ્ચે સ્પેશિયલ એસી ટ્રેન દોડાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુસાફરોની સુવિધા અને ટિકિટોના વેટિંગ લિસ્ટને હળવું કરવા માટે રેલવે વહીવટીતંત્ર દ્વારા ખાસ ભાડા સાથેની આ વીકલી સ્પેશિયલ ટ્રેનની 4 ટ્રિપ્સ ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર 09063 ઉધના - માલદા ટાઉન વીકલી એસી સ્પેશિયલ આગામી 15 અને 22 એપ્રિલના રોજ દર બુધવારે રાત્રે 20:15 કલાકે ઉધનાથી ઉપડશે અને શુક્રવારે સવારે 11:30 કલાકે માલદા ટાઉન પહોંચશે. વળતી દિશામાં, ટ્રેન નંબર 09064 માલદા ટાઉન - ઉધના સ્પેશિયલ 17 અને 24 એપ્રિલના રોજ દર શુક્રવારે સાંજે 17:35 કલાકે માલદા ટાઉનથી ઉપડશે અને રવિવારે સવારે 10:00 કલાકે ઉધના પરત ફરશે.આ ટ્રેન તેના રૂટ દરમિયાન ચલથાણ, વ્યારા, નંદુરબાર, ભુસાવલ, ઈટારસી, જબલપુર, પ્રયાગરાજ છિઓકી, પંડિત દીન દયાલ ઉપાધ્યાય, પટના, જમાલપુર અને ભાગલપુર સહિતના મુખ્ય સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં માત્ર 3-ટાયર એસી કોચની સુવિધા ઉપલબ્ધ રહેશે.મુસાફરો માટે ટ્રેન નંબર 09063 નું બુકિંગ 12 એપ્રિલ, 2026 થી તમામ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ પર શરૂ કરી દેવામાં આવ્યું છે.

# રાજકોટમાં 42 ડિગ્રી, રાજ્યનું તાપમાન હજી વધશે

**આગામી** 48 કલાકમાં પારો હજુ 3 ડિગ્રી વધશે

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પારો આક્રમક રીતે વધી રહ્યો છે. હવામાન વિભાગના તાજા આંકડા મુજબ, રાજ્યમાં અત્યારે રાજકોટ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સૌથી ગરમ શહેર નોંધાયું છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન 40 ડિગ્રીની આસપાસ કે તેથી વધુ નોંધાતા બપોરના સમયે કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. અન્ય શહેરોની સ્થિતિ જોઈએ તો, કંડલા એરપોર્ટ, અમરેલી, સુરેન્દ્રનગર, મહુવા, કેશોદ, અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં તાપમાન 40 ડિગ્રી સુધી પહોંચી ગયું છે. આ સિવાય ભુજ, વલ્લભ વિદ્યાનગર અને સુરતમાં 39 ડિગ્રી, જ્યારે ભાવનગર, ડીસા અને દમણમાં 38 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. દરિયાકાંઠાના વિસ્તારો જેવા કે પોરબંદર અને કંડલા પોર્ટ પર પારો 37 ડિગ્રી રહ્યો છે.

હવામાન વિભાગ મુજબ મધ્ય સ્તરના ઉપઉષ્ણકટિબંધીય પશ્ચિમી પવનોમાં 5.8 કિમી ઊંચાઈએ 76 પૂર્વ રેખાંશ અને 32 ઉત્તર અક્ષાંશ નજીક પશ્ચિમ વિક્ષેપ (Western Disturbance) ટ્રફ સ્વરૂપે સક્રિય છે. આ પરિસ્થિતિના કારણે આગામી દિવસોમાં હવામાનમાં ફેરફાર જોવા મળી શકે છે. હાલમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ ઉત્તર ભારતમાં પવનોની દિશા બદલાઈ રહી છે, જેના પગલે આગામી 48 કલાક દરમિયાન ગુજરાતમાં મહત્તમ તાપમાનમાં હજુ પણ 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. જોકે, ત્યારબાદ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી. આ સાથે જ 12 થી 18 એપ્રિલ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો તેમજ સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમ અને ભેજવાળા પવનો ફૂંકાવાને કારણે લોકોએ ભારે બફારો અને અકળામણ (Discomfort conditions) સહન કરવી પડશે. હાલમાં સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે, જ્યારે કચ્છના કેટલાક ભાગોમાં થોડો ઘટાડો નોંધાયો છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### હોર્મુઝની સામુદ્રધૂનિની...

ખુલ્લો રાખવાની ખાતરી આપવામાં નિષ્ફળ રહ્યું છે, અને એવો આક્ષેપ કર્યો હતો કે દરિયાઇ સુરંગોના જોખમોએ પહેલેથી જ શિપિંગ પ્રવૃત્તિઓને અટકાવી દીધી છે. 'તેઓ કહે છે કે ત્યાં ક્યાંક સુરંગ હોઈ શકે છે–કયો જહાજ માલિક આવું જોખમ ખેડવા માંગશે?' એમ ટ્રમ્પે વધુમાં કહ્યું હતું. પ્રમુખે વધુમાં ઉમેર્યું હતું કે તેમણે અમારી નૌકાદળને આંતરરાષ્ટ્રીય જળસીમામાં એવા દરેક જહાજને શોધવા અને અટકાવવાની સૂચના આપી છે કે જેણે ઈરાનને ટોલ ચૂકવ્યો છે. ગેરકાયદેસર ટોલ ચૂકવનાર કોઈપણ જહાજને ખુલ્લા સમુદ્રમાં સુરક્ષિત રીતે પસાર થવા દેવામાં આવશે નહીં. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે અમેરિકા યોગ્ય સમયે ઈરાનને ખતમ કરવા તૈયાર છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેહરાનની પરમાણુ મહત્વાકાંક્ષાઓ યુદ્ધનો અંત લાવવામાં નિષ્ફળતાનું મુખ્ય કારણ છે.

### પીઢ પાર્શ્વગાયિકા...

દાદીની તબિયત વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે તબિયતમાં સુધારો થતા તે વિશે તમને જાણ કરવામાં આવશે, પરંતુ આશાજીની તબિયતમાં સુધારો થયો નહી અને રવિવારે સવારે તેમણે ફાની દુનિયાને અલવિદા કરી હતી અને આ સાથે જ હિન્દી ફિલ્મોના પ્લેબેક સિંગિંગમાં જાણે એક યુગનો અંત આવ્યો હતો. આશાજીએ ૧૯૪૯માં ૧૬ વર્ષની વયે ગણપતરાવ ભોંસલે સાથે લગ્ન કર્યા હતા અને પાછળથી તેમના સહયોગી અને સંગીતકાર આર.ડી. બર્મન સાથે લગ્ન કર્યા હતા, તેમના પરિવારમાં પુત્ર આનંદ અને પૌત્ર-પૌત્રીઓ છે. ગાયિકાના પુત્ર આનંદે જણાવ્યું હતું કે અંતિમ સંસ્કાર સોમવારે કરવામાં આવશે. તેમણે પત્રકારોને જણાવ્યું કે, લોકો આવતીકાલે સવારે 11થી 3 વાગ્યા સુધી લોઅર પરેલ સ્થિત તેમના નિવાસસ્થાન 'કાસા ગ્રાન્ડે' ખાતે તેમના અંતિમ દર્શન કરી શકશે. તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે સાંજે ૪ વાગ્યે શિવાજી પાર્ક ખાતે કરવામાં આવશે. આશાજીએ જેટલી કુશળતાથી આજા, આજા જેવા ગીતો પર શ્રોતાઓને ઝુમતા કર્યા, તેટલી જ કુશળતાથી ચૈન સે હમ કો કભીમાં વિરહની વેદના પણ વ્યક્ત કરી. તેમણે તેમની બહેન લતા સાથે મળીને સાત દાયકા સુધી હિન્દી પ્લેબેક સિંગિંગની દુનિયા પર રાજ કર્યું, જ્યાં બોલિવૂડમાં અગ્રણી અભિનેત્રીઓ માટે રેકોર્ડ કરાયેલ લગભગ દરેક ગીતમાં તેમનો અવાજ હતો. આશાજીએ પોતે આઠ દાયકાથી વધુ સમય સુધી ગાયું અને અંદાજે ૧૨,૦૦૦ જેટલા ગીતો રેકોર્ડ કર્યા. તેમનું પ્રથમ ગીત ૧૯૪૩માં ૧૦ વર્ષની વયે મરાઠી ફિલ્મ માઝા બાળ માટે હતું. તેમણે ૨૦૧૦ના દાયકાના અંત સુધી અને તે પછી પણ ગાવાનું ચાલુ રાખ્યું, જે તેમને વૈશ્વિક સંગીત ઇતિહાસમાં સૌથી લાંબો સમય પ્રદર્શન કરનાર ગાયકોમાંના એક બનાવે છે.

લતાજીથી વિપરીત, તેમનો અવાજ સ્થિર રહ્યો અને ૮૦ વર્ષની ઉંમરે ગાતી વખતે પણ તેનો લય તાજો રહ્યો હતો. લતાજીનું અવસાન ફેબ્રુઆરી ૨૦૨૨માં ૯૨ વર્ષની વયે થયું હતું. નોંધપાત્ર બાબત એ છે કે ભારતની ગાયકીના દેવતાઓના સિંહાસન પર સમાન સ્થાન ધરાવતી આ બંને બહેનો વચ્ચે ક્યારેય હરીફાઈનો કોઈ સંકેત જોવા મળ્યો ન હતો.

### આશા ભોંસલે...

જોડાયેલો એક સંયોગ પણ છે. લતા મંગેશકરનું નિધન ફેબ્રુઆરી 2022માં થયું હતું અને તે સમયે તેમની ઉંમર 92 વર્ષ હતી. ઠીક તેવી જ રીતે, નિધન સમયે આશા ભોંસલેની ઉંમર પણ 92 વર્ષ જ હતી. લતા મંગેશકરનો જન્મ 28 સપ્ટેમ્બર, 1929ના રોજ થયો હતો, જ્યારે આશા ભોંસલેનો જન્મ 8 સપ્ટેમ્બર, 1933ના રોજ થયો હતો. આમ બંને બહેનોની ઉંમરમાં ચાર વર્ષનો તફાવત હતો. અને લતાના નિધનના ઠીક 4 વર્ષ પછી આશાએ પણ દુનિયાને અલવિદા કહી દીધું.

### આજે પીએમ...

આવી રહ્યું છે.

તે પંચાયતોથી લઈને સંસદ સુધી તમામ સ્તરે શાસન અને નેતૃત્વમાં મહિલાઓની વધતી ભૂમિકા પર પણ પ્રકાશ પાડશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ પરિષદ નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓના ઉન્નત પ્રતિનિધિત્વના મહત્ત્વ પર ભાર મૂકશે. તે 'વિકસિત ભારત 2047' તરફની સફરમાં મહિલાઓની ભૂમિકાને રેખાંકિત કરશે.નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ કાર્યક્રમ 'વિકસિત ભારત 2047' માટેના વિઝનના કેન્દ્રીય સ્તંભ તરીકે મહિલા સંચાલિત વિકાસ પ્રત્યે સરકારની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરશે. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોની પ્રતિષ્ઠિત હસ્તીઓ અને મહિલા સિદ્ધિ હાંસલ કરનારાઓની સહભાગિતા જોવા મળશે. તે સરકાર, શિક્ષણ જગત, વિજ્ઞાન, રમતગમત, સાહસિકતા, મીડિયા, સામાજિક કાર્ય અને સંસ્કૃતિ જેવા વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓને એકસાથે લાવશે.

સપ્ટેમ્બર 2023માં સંસદે 'નારી શક્તિ વંદન અધિનિયમ' પસાર કર્યો હતો, જે સામાન્ય રીતે મહિલા અનામત અધિનિયમ તરીકે ઓળખાય છે, જે કાયદાકીય સંસ્થાઓમાં મહિલાઓના પ્રતિનિધિત્વને વધારવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ કાયદો લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા બેઠકોની અનામતની જોગવાઈ કરે છે.

### અમરનાથ યાત્રા...

એકંદરે, આ વર્ષની તીર્થયાત્રા થોડી લાંબી હશે, જે લગભગ 57 દિવસ સુધી ચાલશે." યાત્રા માટે નોંધણી ફરજિયાત કરવામાં આવી છે અને તે 15 એપ્રિલથી શરૂ થશે. શ્રદ્ધાળુઓ માટે લઘુત્તમ વય 13 વર્ષ અને મહત્તમ 70 વર્ષ નક્કી કરવામાં આવી છે. સિન્હાએ જણાવ્યું હતું કે, "દેશભરની લગભગ 556 નિયુક્ત બેંક શાખાઓ દ્વારા એડવાન્સ રજિસ્ટ્રેશન કરી શકાશે, જ્યારે અમરનાથજી શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ ઉપલબ્ધ રહેશે." એલજીએ કહ્યું કે યસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, પંજાબ નેશનલ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને એક્સિસ બેંક તેમની શાખાઓ દ્વારા રજિસ્ટ્રેશનની સુવિધા આપશે. પ્રથમ પૂજા 19 જૂને જેઠ પૂનમના અવસરે કરવામાં આવશે.

### મહિલા અનામત...

છે કે મહિલાઓ આ યાત્રામાં વધુ મોટી અને સક્રિય ભૂમિકા ભજવે. વડાપ્રધાને ૧૧ એપ્રિલના રોજ લખેલા તેમના પત્રમાં જણાવ્યું હતું કે, વ્યાપક વિચાર-વિમર્શ પછી, અમે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે હવે દેશભરમાં 'નારી શક્તિ વંદન અધિનિયમ'ને તેના સાચા અર્થમાં લાગુ કરવાનો સમય આવી ગયો છે. તે અનિવાર્ય છે કે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી અને વિધાનસભાની ચૂંટણીઓ મહિલા અનામત સાથે યોજવામાં આવે. મોદીએ કહ્યું કે ૨૦૨૯માં મહિલા અનામત કાયદાના અમલીકરણથી ભારતની લોકશાહી સંસ્થાઓમાં નવી ઉર્જાનો સંચાર થશે અને જનતાનો વિશ્વાસ મજબૂત થશે. તે શાસનમાં વધુ ભાગીદારી અને પ્રતિનિધિત્વ પણ સુનિશ્ચિત કરશે. તેમણે ઉમેર્યું, હું આ પત્ર એટલા માટે લખી રહ્યો છું જેથી આપણે બધા આ સુધારાને પસાર કરવા માટે એક અવાજે સાથે મળી શકીએ. નારી શક્તિ વંદન અધિનિયમ સામાન્ય રીતે મહિલા અનામત કાયદા તરીકે ઓળખાય છે. સંસદના બજેટ સત્રને લંબાવવામાં આવ્યું છે અને ૧૬ થી ૧૮ એપ્રિલ દરમિયાન ગૃહની વિશેષ ત્રણ દિવસીય બેઠક બોલાવવામાં આવી છે. મહિલા અનામત અધિનિયમમાં સૂચિત સુધારાઓ જો પસાર થાય છે, તો લોકસભાની બેઠકોની સંખ્યા વધીને ૮૧૬ થશે, જેમાંથી ૨૭૩ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. ૨૦૨૩માં બંધારણમાં સુધારો કરીને લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી હતી.

### પશ્ચિમ એશિયા...

અસર થઈ છે.

સરકારે હોટેલો અને રેસ્ટોરાં જેવા વ્યાપારી વપરાશકર્તાઓના પુરવઠામાં કાપ મૂકીને ઘરેલું પરિવારો માટે એલપીજી પુરવઠાને પ્રાથમિકતા આપી છે. જે ગ્રાહકો પાસે સબસિડીવાળા રસોઇ ગેસ એલપીજી કનેક્શન નથી, તેમના માટે અછતને સરભર કરવા બજાર કિંમતના 5 કિલોના સિલિન્ડરનો પુરવઠો વધારવામાં આવ્યો છે. ફેબ્રુઆરીના કટોકટી પૂર્વેના સમયગાળામાં આશરે 77,000 જેટલા 5 કિલોના સિલિન્ડરના વેચાણની સામે છેલ્લા બે-ત્રણ અઠવાડિયામાં દૈનિક વેચાણ 1 લાખને વટાવી ગયું છે.

### કંગાળ પાકિસ્તાનને...

વાટાઘાટો કરે તેવી અપેક્ષા છે. નીતિ ઘડવૈયાઓ આ વાતચીતને વ્યાપક વ્યૂહાત્મક પહોંચના ભાગ તરીકે જુએ છે, જેમાં એવા સંકેતો છે કે વર્તમાન સંદર્ભમાં કાર્યક્રમની કડક શરતો અથવા UAE સહિતના તૃતીય-પક્ષ ગેરંટી આપનારાઓ પર નિર્ભરતા જેવા પરંપરાગત પરિબળોનું મહત્વ ઓછું હોઈ શકે છે. IMFએ શરત મૂકી છે કે પાકિસ્તાનના ત્રણ મુખ્ય દ્વિપક્ષીય લેણદારો – સાઉદી અરેબિયા, ચીન અને UAE – એ ચાલુ ત્રણ વર્ષના કાર્યક્રમની સમાપ્તિ સુધી તેમની રોકડ થાપણો દેશ પાસે જાળવી રાખવી પડશે. 'ડોન'ના અહેવાલમાં જણાવ્યા મુજબ, એવું લાગે છે કે હવે UAEનું સ્થાન કતાર લેશે.

### અરૂણાચલના વિસ્તારોને...

રહેલા પ્રયાસોને અવરોધે છે. તેમણે કહ્યું, ચીને એવા કૃત્યોથી દૂર રહેવું જોઈએ જે સંબંધોમાં કડવાશ ભરે અને પરસ્પર સમજણ કેળવવાના પ્રયાસોને નબળા પાડે. અત્રે ઉલ્લેખનીય છે કે ચીને અગાઉ પણ અરૂણાચલના પર્વતો, નદીઓ વગેરેને ચીની નામો આપ્યા હતા ત્યારે પણ ભારતે સખત પ્રત્યાઘાત આપ્યો હતો. તાજેતરમાં બહાર પાડવામાં આવેલી એક નવી યાદીમાં, ચીને ભારતીય ક્ષેત્રના કેટલાક સ્થળોના નામ બદલી નાખ્યા છે. ચીનના નાગરિક બાબતોના મંત્રાલયે ૨૦૧૭માં 'ઝેંગનાન'ના છ સ્થળોના પ્રમાણિત નામોની પ્રથમ યાદી બહાર પાડી હતી, જ્યારે ૨૦૨૧માં ૧૫ સ્થળોની બીજી યાદી બહાર પાડવામાં આવી હતી, ત્યારબાદ ૨૦૨૩માં વધુ ૧૧ સ્થળોના નામોની યાદી જાહેર કરવામાં આવી હતી. 'ઝેંગનાન' એ અરુણાચલ પ્રદેશ માટેનું ચીની નામ છે.

### ત્રાસવાદીઓ માટે...

તેની વ્યાપક સુરક્ષા અસરો સ્પષ્ટ થતાં જ, સમગ્ર દેશમાં ફેલાયેલા આ નેટવર્કને તોડી પાડવા માટે આ કેસ તાત્કાલિક કેન્દ્રીય એજન્સીઓ અને અન્ય રાજ્યોના પોલીસ દળોને સોંપવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે, ઉમર ઉર્ફે 'ખરગોશ' તરીકે ઓળખાતા એક આતંકવાદીએ પાસપોર્ટ મેળવવામાં સફળતા મેળવી હતી અને તે ઈન્ડોનેશિયા ભાગી ગયો હતો. ત્યાંથી તે અન્ય નકલી પ્રવાસ દસ્તાવેજનો ઉપયોગ કરીને કોઈ ગલ્ફ દેશમાં સ્થાયી થયો હોવાનું મનાય છે. પાકિસ્તાનના કરાચીના રહેવાસી ઉમરે 2012 પછી ભારતમાં ઘૂસણખોરી કરી હતી અને 2024માં રાજસ્થાનના જયપુરથી મેળવેલા નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને ભાગી ગયો હતો. 31 માર્ચથી શરૂ થયેલા આ ઓપરેશન પર ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (DGP) નલિન પ્રભાત નજર રાખી રહ્યા હતા, જેઓ પોતે શ્રીનગરમાં રોકાયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ તપાસમાં લશ્કરના ફંડિંગ અને નાણાકીય મોડલનો પણ ખુલાસો થયો છે. આતંકવાદીઓએ માત્ર જમ્મુ-કાશ્મીરમાં જ નહીં, પરંતુ અન્ય અનેક રાજ્યોમાં નેટવર્ક બનાવવા માટે નકલી દસ્તાવેજો અને ઓળખનો ઉપયોગ કર્યો હતો. અધિકારીઓએ અટકાયત કરાયેલા લોકોમાંથી કેટલાકની ધરપકડ કરવાની શક્યતા નકારી નથી, ખાસ કરીને જેમણે છેતરપિંડીથી પાસપોર્ટ અને અન્ય દસ્તાવેજો મેળવવામાં મદદ કરી હતી. ધરપકડ કરાયેલા પાંચ લોકોમાં શ્રીનગરના ત્રણ રહેવાસીઓ - મોહમ્મદ નકીબ ભટ, આદિલ રાશિદ ભટ અને ગુલામ મીર ઉર્ફે મામાનો સમાવેશ થાય છે. તેમના પર આતંકવાદીઓને આશ્રય, ખોરાક અને લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડવાનો આરોપ છે.

[પરિશિષ્ટ - IV-A] [નિયમ 8 (6) સાથે વંચાણે લેતા 9(1) ની જોગવાઈ જુઓ]

**સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજીની જાહેર નોટીસ**

**એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

CIN: U67100MH2007PLC174759

નોંધાયેલ ઓફિસઃ એડલવાઇસ હાઉસ, 1 લો માળ, CST રોડ પાસે, કાલિના, મુંબઈ 400098.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ("નિયમો") ના નિયમ 8 (6) અને 9(1) ની જોગવાઈ સાથે વંચાણે લેતા. નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓ (જેને હવે પછી "અસાઇનર" તરીકે ઓળખવામાં આવશે) ની નાણાકીય સુવિધાઓ એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે, જે કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્ય કરે છે. સદર અસાઇનમેન્ટના અનુસંધાને, EARC એ અસાઇનરના સ્થાને આવીને સિક્યોર્ડ લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો છે. EARC એ, સિક્યોર્ડ લેણદાર તરીકેની તેની હેસિયતથી, સરફેસી (SARFAESI) એક્ટની કલમ 13 (4) અને તે હેઠળના નિયમો હેઠળ નીચે દર્શાવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોનો કબજો લીધો છે. સામાન્ય જનતાને અને ખાસ કરીને લેણદાર(ઓ) અને જામીનદાર(ઓ) ને આથી 15/30 દિવસની નોટિસ આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદારની તરફેણમાં ગીરો મુકેલી નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો, જેનો પ્રત્યક્ષ કબજો અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જેમ છે જ્યાં છે", "જેમ છે તેમ છે", અને "જે કંઈ પણ છે" ના ધોરણે કરવામાં આવશે. આ વેચાણ EARC ને લેણી નીકળતી નીચે મુજબની રકમ, વત્તા આગળનું વ્યાજ અને અન્ય ખર્ચ/ખર્ચાઓની વસૂલાત માટે કરવામાં આવશે.

મિલકત માટે અનામત કિંમત (Reserve Price) અને બાનાની રકમ (Earnest Money Deposit) નીચે મુજબ છે.

| લોન એકાઉન્ટ નંબર / વેચાણ સંસ્થા | લેણદાર / સહ-લેણદાર / જામીનદાર / ગીરો રાખનારનું નામ | ટ્રસ્ટનું નામ | 08-04-2026 સુધીના કુલ બાકી લેણાં | અનામત કિંમત (INR) | બાનાની રકમ (EMD) (INR) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| 'AFH000900794213/ Yes Bank Limited | 1. હેમાંગીબેન પી મહેતા (ધિરાણ લેનાર), 2. રીમા મહેતા (સહ-ધિરાણ લેનાર) | EARC Trust SC 471 | Rs. 45,71,437.98 | Rs. 16,50,000 | Rs. 1,65,000 | 28-04-2026 at 02:00 PM | ભૌતિક કબજો |

ઈ-હરાજી માટે મુકાયેલ સુરક્ષિત અસ્કયામતની વિગતોઃ મિલકતનું વર્ણનઃ "સર્જનમ રેસીકોમ" જે પૈકી "B" ટાવરમાં "ચોથા" માળ પર ફ્લેટ નં. 401, જેનું બાંધકામ ક્ષેત્રફળ 15 63.10 ચો.મી. છે. જેની સાથે જોડાયેલ જમીન અને કોમન પ્લોટ તથા રોડ એરિયા 16.60 ચો.મી. છે. આ વેચાણ દસ્તાવેજ દ્વારા ફ્લેટ અને તેમાં થયેલ બાંધકામ વેચવામાં આવ્યું છે અને તે કબજા હેઠળ છે. સદર મિલકતની સીમાઓ નીચે મુજબ છેઃ પૂર્વઃ બાજુના માર્જિન પછી ટાવર-A આવેલ છે. પશ્ચિમમાંઃ ફ્લેટ નં. B-402 આવેલ છે. ઉત્તરમાંઃ ફ્લેટ નં. B-408 આવેલ છે. દક્ષિણમાંઃ માર્જિનની જગ્યા પછી ટાવર-D આવેલ છે.

**હરાજી પ્રક્રિયા અંગેની મહત્વની માહિતી**

| | | |
|---|---|---|
| 1. | EMD ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) "EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT" ના નામે મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર હોવા જોઈએ. | |
| 2. | RTGS દ્વારા કરવામાં આવતી EMD ચુકવણી આ મુજબ રહેશેઃ ખાતાનું નામઃ EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED-EMD ACCOUNT; ખાતા નંબરઃ 000405158602; બેંકનું નામ- ICICI BANK; IFSC કોડઃ IFSCICIC0000004. | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના 1 દિવસ પહેલા સુધી. |
| 4. | બિડ સબમિટ કરવાનું સ્થળ | 1 લો માળ, એડલવાઇસ હાઉસ, CST રોડ પાસે, કાલિના, મુંબઈ-400098. |
| 5. | ઈ-હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઇટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | (કસ્ટમર કેર): 1800 266 6540 |
| 7. | મિલકત નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉથી એપોઇન્ટમેન્ટ લીધા મુજબ. |

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને EARC ની વેબસાઇટ એટલે કે https://auction.edelweissarc.in પર આપેલી લિંકનો સંદર્ભ લો.

તારીખઃ 13-04-2026
સ્થળઃ મુંબઈ

અધિકૃત અધિકારી
એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ વતી

Edelweiss Asset Reconstruction